e MAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 256
January 21, 2011

## સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૬/૧/૨૦૧૧ને રવિવારના રોજ સવારે ૭.૩૦ કલાકે શહેરના રાંદેર ઝોન વિસ્તારમાં ડાયમંડ, ટેક્ષટાઈલ્સ અને કોર્પોરેટ સેકટર, ઈલેકટ્રોનીક અને પ્રિન્ટ મીડીયા સાથે સંકળાયેલ વ્યકિતઓ(પુરૂષ/સ્ત્રી વિભાગ) ની "સ્વર્ણિમ સુરત સીટી રન" દોડનું આયોજન



સને ૨૦૧૦–૧૧નું વર્ષ "સ્વર્ણિમ ગુજરાત" તરીકેની ઉજવણી તથા આગામી પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૧ની રાજયકક્ષાની ઉજવણી સુરત ખાતે થનાર છે. તેના પરિપ્રેક્ષ્યમાં તા. ૨૩ જાન્યુઆરી, ૨૦૧૧ને રવિવારના રોજ સવારે ૭.૩૦ કલાકે "સ્વર્ણિમ સીટી રન–૨૦૧૧" માં શહેરના તમામ વર્ગોનાં લોકો ઉત્સાહથી મોટી સંખ્યામાં જોડાય તે હેતુસર શહેરીજનોને પ્રોત્સાહિત કરવા સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૬/૧/૨૦૧૧ને રવિવારના રોજ સવારે ૭.૩૦ કલાકે શહેરના રાંદેર ઝોન વિસ્તારમાં ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકા અને ફિલ્મ સોસાયટી ઓફ સુરતના સંયુકત ઉપક્રમે ફિલ્મ ફેસ્ટીવલ "રાજ સે સ્વરાજ"નું આયોજન

સ્વર્ણિમ ગુજરાત ૬૨માં વર્ષ પ્રજાસત્તાક દિનની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા અને ફિલ્મ સોસાયટી ઓફ સુરતના સંયુકત ઉપક્રમે ફિલ્મ ફેસ્ટીવલ "રાજ સે સ્વરાજ"નું આયોજન કરવામાં આવેલ છે જેનું ઉદઘાટન ગાંધીસ્મૃતિભવન ખાતે મા. મંત્રીશ્રી, મહેસુલ, આપત્તિ વ્યવસ્થાપન, માર્ગ અને મકાન, પાટનગર યોજના, મહિલા અને બાળ કલ્યાણ, ગુજરાત રાજયના મા.શ્રીમતિ આનંદીબેન પટેલના હસ્તે કરવામાં આવ્યુ હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૧૭/૦૧/૨૦૧૧ ના રોજ ઉધના ઝોન યોજાયેલ વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/લોકાર્પણવિધિ



સને ૨૦૧૦–૧૧નું વર્ષ "સ્વર્ણિમ ગુજરાત" તરીકેની ઉજવણી તથા આગામી પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૧ની રાજયકક્ષાની ઉજવણી સુરત ખાતે થનાર છે. તેના પરિપ્રેક્ષ્યમાં તા. ૧૭મી જાન્યુઆરી, ૨૦૧૧ને સોમવારના રોજ સુરત મહાનગરપાલિકાના ઉધના ઝોન વિસ્તારમાં વિવિધ ૧૪ જેટલા પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ અને લોકાર્પણવિધિ રાજયકક્ષાના શિક્ષણ વિભાગના મા. મંત્રીશ્રી જયસિંહજી ચૌહાણ, અને રાજયકક્ષાના ગૃહ વિભાગના માં. મંત્રીશ્રી પ્રફુલ્લભાઈ પટેલના વરદહસ્તે સંપન્ન થઈ હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૧૭/૦૧/૨૦૧૧ ના રોજ વરાછા ઝોન યોજાયેલ વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/લોકાર્પણવિધિ



સુરત મહાનગરપાલિકા ધ્વારા સ્વર્ણિમ ગુજરાત વર્ષમાં ૬૨ માં પ્રજાસત્તાક દિનની સુરત ખાતે રાજયકક્ષાની ઉજવણીને અનુલક્ષીને તા.૧૭/૧/૨૦૧૧, સોમવારના રોજ વરાછા ઝોન ખાતે (૧) બેંક ઓફ બરોડાની સામે, પાયોનીયર શાળાની નજીક, મોટા વરાછાગામ ખાતે વાંચનાલયની ઉદઘાટનવિધિ(૨)ક્રિષ્ણા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, કાપોદ્રા ચાર રસ્તા પાસે શાંતિવનની ઉદઘાટનવિધિ(૩) જુન દર્પણ ટોકીઝની બાજુમાં, બ્રહમાકુમારી આશ્રમની નજીક, ધારૂકા સર્કલની પાસે, લંબે હનુમાન રોડ ખાતે વરાછાઝોન વહીવટી ભવનની ઉદઘાટનવિધિ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૧૮/૦૧/૨૦૧૧ના રોજ અઠવા ઝોન યોજાયેલ વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/લોકાર્પણવિધિ



નાગરિકોની સુવિધા પ્રત્યે સજાગતા રાખી અવિરત વિકાસની પરંપરા જાળવી રાખવાના સોપાનના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા, સ્વર્ણિમ ગુજરાત વર્ષમાં, ૬૨ માં પ્રજાસત્તાક દિનની સુરત ખાતે રાજયકક્ષાની ઉજવણીને અનુલક્ષીને તા.૧૮/૧/૨૦૧૧, મંગળવારના રોજ અઠવા ઝોન વિસ્તારમાં (૧) ચોપાટી ગાર્ડન, અઠવાલાઈન્સ ખાતે વોક–વેની ખાતમુહૂર્તવિધિ (૨) વિનાયક જરીવાળા તરણકુંડ પાસે, ચોપાટી, અઠવાલાઈન્સ ખાતે ફુટ ઓવરબ્રિજની લોકાર્પણવિધિ (૩) આયકરભવન પાસે, મજુરાગેટ ખાતે સ્પોટર્સ સંકુલની લોકાર્પણવિધિ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૧૮/૦૧/૨૦૧૧ ને મંગળવારના રોજ ઉધના ઝોન વિસ્તારમાં યોજાયેલ વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમ



"સ્વર્ણિમ ગુજરાત વર્ષ"માં ૬૨માં પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી ૨૦૧૧ની રાજય કક્ષાની ઉજવણી સુરત ખાતે થનાર છે. આ રાષ્ટ્રીય પર્વની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૧૮/૦૧/૨૦૧૧ને મંગળવારના રોજ ઉધના ઝોન વિસ્તારમાં વિજયાનગર સોસાયટી પાસે, સ્પોર્ટસ કોમ્પ્લેક્ષનું ખુલ્લુ મેદાન, ઉધના, સુરત ખાતે વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૦/૦૧/૨૦૧૧ ના રોજ વરાછા ઝોન યોજાયેલ વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/લોકાર્પણવિધિ



નાગરિકોની સુવિધા પ્રત્યે સજાગતા રાખી અવિરત વિકાસની પરંપરા જાળવી રાખવાના સોપાનના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા, સ્વર્ણિમ ગુજરાત વર્ષમાં, ૬૨ માં પ્રજાસત્તાક દિનની સુરત ખાતે રાજયકક્ષાની ઉજવણીને અનુલક્ષીને તા.૨૦/૧/૨૦૧૧, ગુરૂવારના રોજ વરાછા ઝોન વિસ્તારમાં (૧) મહારાણા પ્રતાપ ગાર્ડન સામે, સ્વાતિ સોસાયટીની બાજુમાં, વરાછા ખાતે વાંચનાલયની લોકાર્પણવિધિ (૨) કમલબાગ સોસાયટીની પાછળ, સાગર સોસાયટીની સામે, મરઘા કેન્દ્ર રોડ, વરાછા ખાતે વાંચનાલયની લોકાર્પણવિધિ (૩) ટી.પી.સ્કીમ નં.૩(કરંજ), ભરતનગર પાસે, લંબે હનુમાન રોડ, કરંજ ખાતે શાંતિકુજની લોકાર્પણવિધિ ...

વધુ માટે કલીક કરો >>>>>>

# સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૬/૧/૨૦૧૧ને રવિવારના રોજ સવારે ૭.૩૦ કલાકે શહેરના રાંદેર ઝોન વિસ્તારમાં ડાયમંડ, ટેક્ષટાઈલ્સ અને કોર્પોરેટ સેકટર, ઈલેકટ્રોનીક અને પ્રિન્ટ મીડીયા સાથે સંકળાયેલ વ્યકિતઓ(પુરૂષ/સ્ત્રી વિભાગ) ની ''સ્વર્ણિમ સુરત સીટી રન''–દોડનું આયોજન





સને ૨૦૧૦–૧૧નું વર્ષ ''સ્વર્ણિમ ગુજરાત'' તરીકેની ઉજવણી તથા આગામી પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૧ની રાજયકક્ષાની ઉજવણી સુરત ખાતે થનાર છે. તેના પરિપ્રેક્ષ્યમાં તા. ૨૩ જાન્યુઆરી, ૨૦૧૧ને રવિવારના રોજ સવારે ૭.૩૦ કલાકે ''સ્વર્ણિમ સીટી રન–૨૦૧૧'' માં શહેરના તમામ વર્ગોનાં લોકો ઉત્સાહથી મોટી સંખ્યામાં જોડાય તે હેતુસર શહેરીજનોને પ્રોત્સાહિત કરવા સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૬/૧/૨૦૧૧ને રવિવારના રોજ સવારે ૭.૩૦ કલાકે શહેરના રાંદેર ઝોન વિસ્તારમાં વિદ્યાકુંજ સ્કુલ, શિવશકિત ફલેટ પાસે, સરોજીની નાયડુ શાક માર્કેટ પાસે ડાયમંડ, ટેક્ષટાઈલ્સ અને કોર્પોરેટ સેકટર, ઈલેકટ્રોનીક અને પ્રિન્ટ મીડીયા સાથે સંકળાયેલ વ્યકિતઓ(પુરૂષ/સ્ત્રી વિભાગ) ની ''સ્વર્ણિમ સુરત સીટી રન''–દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ, મા.સાંસદશ્રી શ્રીમતી દર્શનાબેન જરદોશ, મા.ડે.મેયર શ્રીમતી છાયાબેન ભૂવા, મા.અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિ શ્રી મુકેશભાઈ દલાલ, મ્યુ.કમિશનરશ્રી કુ.એસ.અપર્ણા, કલેકટરશ્રી એ.જે.શાહ, મા.નેતાશ્રી શાસકપક્ષ, શ્રી દયાશંકર સિંગ વિગેરે તથા અન્ય મ્યુનિ.સભ્યોશ્રીઓએ લીલી ઝંડી ફરકાવી દોડ સ્પર્ધાની શરૂઆત કરાવી હતી. આ ''સીટી રન''માં આશરે ૧૦૦૦ જેટલા સ્પર્ધકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો. ''સીટી રન''માં પુરૂષ વિભાગમાં પ્રથમ વિજેતા તરીકે ટેક્ષટાઈલ્સ વિભાગના–શ્રી સેલર મયંક એસ., દ્વિતીય ક્રમે L & T કંપનીના–શ્રી નાવિક જતીન બી., તૃતીય ક્રમે L & T કંપનીના–શ્રી સેલર કમલેશ એસ. વિજેતા થયા હતા. જયારે સ્ત્રીઓના વિભાગમાં પ્રથમ ક્રમે ટેક્ષટાઈલ ક્ષેત્રના – શ્રી પુનમબેન દલાલ, દ્વિતીય ક્રમે DGVCL ના – વિભા દવે અને તૃતિય ક્રમે આજ ક્ષેત્રના – શ્રી સંગીતાબેન આચાર્ય વિજેતા નીવડયા હતા. જેઓને મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ, મા.સાંસદશ્રી શ્રીમતી દર્શનાબેન જરદોશ, મા.ડે.મેયર શ્રીમતી છાયાબેન ભૂવા, મા.અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિ શ્રી મુકેશભાઈ દલાલ, મ્યુ.કમિશનરશ્રી કુ.એસ.અપર્ણા, કલેકટરશ્રી એ.જે.શાહ, મા.નેતાશ્રી શાસકપક્ષ, શ્રી દયાશંકર સિંગ, ડાયમંડ ક્ષેત્રના અગ્રણી શ્રી સેવંતીભાઈ શાહ તથા અન્ય મ્યુનિ.સભ્યોશ્રી વગેરે મહાનુભાવોના હસ્તે ટ્રોફી, પ્રમાણપત્ર અને રોકડ પુરસ્કાર એનાયત કરી નવાજવામાં આવ્યા હતા.

આ પ્રંસગે મ્યુ.કમિશનરશ્રી કુ.એસ.અપર્ણાએ ઉપસ્થિત તમામ મહાનુભાવો તથા સ્પર્ધકોને આવકારતાં જણાવ્યું હતું કે ૬૨ માં પ્રજાસત્તાક દિનની રાજયકક્ષાની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા યોજાનાર વિવિધ કાર્યક્રમમાં સહભાગી થવા આમંત્રીત કર્યા હતા. મા.અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ શ્રી મુકેશભાઈ દલાલે, પ્રજા ઉપયોગી સાકાર થનાર વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્ત/ઉદઘાટનવિધિનો ઉલ્લેખ કરી તેમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા અપીલ કરી હતી. મા.સાંસદશ્રીમતી દર્શનાબેન જરદોશે સુરત મહાનગરપાલિકાની ચુંટાયેલી પાંખ અને વહીવટી પાંખના અથાગ પ્રયત્નો ધ્વારા આ ઉજવણીમાં સહભાગી થવા અપીલ કરી હતી. શહેરના પ્રથમ નાગરિક મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ એ.દેસાઈએ રાજય કક્ષાની તા.૨૩ જાન્યુઆરી ૨૦૧૧ના રોજ યોજાનાર ''સ્વર્ણિમ સુરત સીટી રન'' તથા ૨૬ મી જાન્યુઆરી નિમિતે ચીકુવાડી ખાતે યોજાનાર ધ્વજવંદનના કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લેવા જણાવ્યું હતું.

''સીટી રન''માં ભાગ લેનાર તમામને સ્મૃતિભેટ રૂપે કેપ આપવામાં આવી હતી. આ પ્રસંગે પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. અંતમાં ડે.મેયરશ્રીમતી છાયાબેન ભૂવાએ ઉપસ્થિત તમામનો આભાર માની હવે પછીના ''સીટી રન'' કાર્યક્રમમાં નગરજનોને ઉત્સાહ પુર્વક મોટી સંખ્યામાં ભાગ લેવા અનુરોધ કર્યો હતો.

હવે પછીનો ''સ્વર્ણિમ સીટી રન–૨૦૧૧'' સુરત–ડુમસ ગૌરવપથ ઉપર ૧૫ થી ૬૦ વર્ષના પુરૂષો માટે SVNIT કોલેજ કેમ્પસ તથા બાળકો, મહિલાઓ અને સીનીયર સીટીઝનો માટે કારગીલ ચોક ખાતે તા.૨૩/૧/૨૦૧૧ ને રવિવારના રોજ સવારે ૭.૦૦ કલાકે શરૂ થશે. તમામ સ્પર્ધકોનો ફિનીસીંગ પોઈન્ટ ભાવિ દર્શન કોમ્પલેક્ષ સામે, જુના પેટ્રોલપંપ પાસે, સુરત ડુમસ ગૌરવપથ ઉપર રાખવામાં આવેલ છે. આ ''સ્વર્ણિમ સુરત સીટી રન'' માં ભાગ લેવા માટે સુરત મહાનગરપાલિકાના તમામ નાગરિક સુવિધા કેન્દ્રો, સ્વીમીંગ પુલો, મુખ્ય ગાર્ડનો, SVNIT, MTB કોલેજ ઘોડદોડ રોડ ખાતેના જોગીંગ ટ્રેક ઉપરાંત શહેરમાં આવેલ જુદા જુદા સ્પોર્ટસ એસોસીએશનો પરથી ફોર્મ અને બેજ મેળવી રજીસ્ટ્રેશન તા.૨૦/૧/૨૦૧૧ સુધીમાં કરાવી લેવાનું રહેશે.

TOP

# સુરત મહાનગરપાલિકા અને ફિલ્મ સોસાયટી ઓફ સુરતના સંયુકત ઉપક્રમે ફિલ્મ ફેસ્ટીવલ ''રાજ સે સ્વરાજ''નું આયોજન

 

સ્વર્ણિમ ગુજરાત ૬૨માં વર્ષ પ્રજાસત્તાક દિનની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા અને ફિલ્મ સોસાયટી ઓફ સુરતના સંયુકત ઉપક્રમે ફિલ્મ ફેસ્ટીવલ ''રાજ સે સ્વરાજ''નું આયોજન કરવામાં આવેલ છે જેનું ઉદઘાટન ગાંધીસ્મૃતિભવન ખાતે મા. મંત્રીશ્રી, મહેસુલ, આપત્તિ વ્યવસ્થાપન, માર્ગ અને મકાન, પાટનગર યોજના, મહિલા અને બાળ કલ્યાણ, ગુજરાત રાજયના મા.શ્રીમતિ આનંદીબેન પટેલના હસ્તે કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે મા. મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ, સાસંદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, મા.ડે. મેયર શ્રીમતી છાયાબેન ભુવા, ચેરમેનશ્રી મુકેશભાઈ દલાલ, મા.મ્યુનિ. કમિશ્નરશ્રી એસ. અર્પણા, કલેકટરશ્રી એ.જે.શાહ, ફિલ્મ સોસાયટી ઓફ સુરતના ઓનરરી સેક્રેટરીશ્રી મનિષ જૈન ઉપસ્થિત રહયા હતા. આ પ્રસંગે મા. મ્યુનિ. કમિશ્નરશ્રી એ ઉપસ્થિત સૌને આવકારી ફિલ્મ ફેસ્ટીવલ અંગે વિસ્તૃત જાણકારી આપી હતી.

સમારંભના પ્રમુખ સથાનેથી ઉદબોધન કરતા મા. મેયરશ્રીએ સુરત મહાનગરપાલિકા અને ફિલ્મ સોસાયટી ઓફ સુરતના સંયુકત ઉપક્રમે તા.૧૭ થી ૨૩ જાન્યુઆરી ૨૦૧૧ દરમ્યાન ફીલ્મ ફેસ્ટીવલ–''રાજ સે સ્વરાજ''નું આયોજન સુરત શહેર અને જીલ્લામાં કરવામાં આવેલ છે. દેશભકિત વિષયક અને એવોર્ડ પ્રાપ્ત ડોકયુમેન્ટરી ફિલ્મ જેવી કે અસહકારની ચળવળ, બારડોલી સત્યાગ્રહ, પૂર્ણ સ્વરાજ, દાંડીકૂચ, હિંદ છોડો આંદોલન વિગેરે દર્શાવવામાં આવનાર છે. જે સ્કુલોના વિદ્યાર્થીઓ માટે ગાંધીસ્મૃતિ ભવન, નાનપુરા, સુરત શહેર અને જીલ્લામાં દર્શિત કરવાનું જે આયોજન હાથ ધરવામાં આવેલ છે તે ખૂબ જ પ્રસંશનીય છે. આ ફિલ્મ મહોત્સવથી ભાવી પેઢીમાં દેશભકિતની લાગણી, દેશપ્રેમ ચોકકસ ઉજાગર થશે એમ જણાવ્યુ હતું. અને વધુમાં દેશને સ્વતંત્રતા અપાવનાર આ રાષ્ટ્રીય નેતાઓને અને શહિદોને યાદ કરી આગામી પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં શહેરીજનો શાળાના વિદ્યાર્થીઓ મોટા પ્રમાણમાં ખૂબ જ ઉત્સાહભેર ભાગ લે એવી વિનંતી કરી હતી.

આ સમારંભના ઉદઘાટક મા.મંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ તેમના વકતવ્યમાં જણાવ્યુ કે રાજયના મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જે બીડુ ઝડપ્યુ છે તે પાછળનો મુખ્ય ઉદ્દેશ કે જનતા નિર્ભય રીતે જાગૃત બને આવનારી યુવા પેઢી કંઈક વિચારે, શીખે અને દેશભકિતની ફિલ્મો જોઈ પોતાના જીવનમાં કંઈક ઉતારે એ હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે તો શાળાના બાળકો અને જાહેર જનતા વિશાળ પ્રમાણમાં લાભ લેવો જોઈએ. દરેક વ્યકિતનું ઘડતર કેવી રીતે થાય તેનું નિરીક્ષણ કરવાની તક મળે, વિચાર કરવા માટેની તક મળે અને આવી તકો ઝડપી પ્રજાસત્તાક દિનની ઉજવણી અંતર્ગત માધ્યમિક વિભાગના બાળકોથી માંડી કોલેજના વિદ્યાર્થીઓ તેમજ જાહેર જનતાએ લાભ લેવા જોગ છે.

વધુમાં શાળાના શિક્ષકોએ પણ આવી ફિલ્મો શાળાઓમાં બતાવવી જોઈએ અને આ કાર્યક્રમને ફકત કાર્યક્રમ સુધી જ સિમિત ન રાખતા આવનાર સમયમાં બાળકોએ દેશાભિમાનને પણ મહત્વ આપવું જોઈએ તેમજ બાળકોને શિક્ષક ધ્વારા ગુજરાતના ઐતિહાસિક સ્મારકો/સ્થળોની શૈક્ષણિક મુલાકાત લેવડાવવી જોઈએ તેમ જણાવેલ.ઉપરોકત કાર્યક્રમમાં શાળાના બાળકો, શિક્ષકો, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા ફિલ્મ સોસાયટીના સભ્યશ્રીઓ તેમજ જાહેર જનતા બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૧૭/૦૧/૨૦૧૧ ના રોજ ઉધના ઝોન યોજાયેલ વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/લોકાર્પણવિધિ



સને ૨૦૧૦–૧૧નું વર્ષ "સ્વર્ણિમ ગુજરાત" તરીકેની ઉજવણી તથા આગામી પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૧ની રાજયકક્ષાની ઉજવણી સુરત ખાતે થનાર છે. તેના પરિપ્રેક્ષ્યમાં તા. ૧૭મી જાન્યુઆરી, ૨૦૧૧ને સોમવારના રોજ સુરત મહાનગરપાલિકાના ઉધના ઝોન વિસ્તારમાં વિવિધ ૧૪ જેટલા પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ અને લોકાર્પણવિધિ રાજયકક્ષાના શિક્ષણ વિભાગના મા. મંત્રીશ્રી જયસિંહજી ચૌહાણ, અને રાજયકક્ષાના ગૃહ વિભાગના માં. મંત્રીશ્રી પ્રફુલ્લભાઈ પટેલના વરદહસ્તે સંપન્ન થઈ હતી. જેનો મુખ્ય સમારોહ પાંડેસરા વિસ્તારમાં પિયુષ કોમ્પ્લેક્ષ ચાર રસ્તા, ગુજરાત હાઉસીંગ બોર્ડ ખાતે યોજાયો હતો.સમારંભની શરૂઆતમાં ઉપસ્થિત સર્વેને સુરત મહાનગરપાલિકા તરફથી આવકાર્યા હતા. ત્યાર બાદ આ વિસ્તારના મ્યુ.સભ્યશ્રીઓએ મંચસ્થ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યુ હતુ. શહેરના પ્રથમ નાગરિક મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈએ વિવિધ કાર્યક્રમો માટે મંત્રીશ્રીઓની ઉપસ્થિતને અહોભાગ્ય ગણાવી વિકાસ અમારો મંત્ર હોવાનું જણાવ્યું હતું.





મા. મંત્રીશ્રી જયસિંહજી ચૌહાણે મા. મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ સમગ્ર સુરત જિલ્લામાં ૬૨માં પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૧ની રાજયકક્ષાની ઉજવણી અંતર્ગત પ્રજાકીય વિવિધ પ્રકલ્પોના અમલને કારણે જીલ્લાની શકલ બદલાઈ રહી હોવાનું તથા ગુજરાત રાજયને દેશ અને વિશ્વના નકશા ઉપર મૂકનાર વાઈબ્રન્ટ ગુજરાતના આયોજનનો ઉલ્લેખ કરી કે જેમાં ૪૫ હજાર કરોડના MOU મારફત બાવન લાખ લોકોને મળનાર રોજગારીનો ઉલ્લેખ કર્યો હતો.



મા. મંત્રીશ્રી પ્રફુલભાઈ પટેલે છેલ્લા ૭ થી ૮ વર્ષમાં ગુજરાતનો વિવિધ ક્ષેત્રોમાં થયેલ વિકાસનો ઉલ્લેખ કરી તેની સાથે અંદાજે ૪૭ લાખથી વધુ વસ્તી ધરાવતા આજના સુરતના વિકાસનો ઉલ્લેખ કરી એક રૂપિયાના ખર્ચની સામે જનભાગીદારીના કારણે એક રૂપિયા કરતા પણ વધુનો ફાયદો પ્રજાને મળતો હોવાનું જણાવ્યુ હતું.

કેબીનેટ કક્ષાના મા. મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે ૨૬મી જાન્યુઆરીની રાજયકક્ષાની ઉજવણી માટે મેયરશ્રી, કમિશ્નરશ્રી અને કલેકટરશ્રીની ટીમ ધ્વારા સંયુકત રીતે વિવિધ કાર્યક્રમોનું આયોજન થઈ રહયું છે તે માટે આભારની લાગણી વ્યકત કરી હતી. તથા છેલ્લા વર્ષોમાં ભેસ્તાન, ઉન, કોસાડ, બાપુનગર વિગેરે જેવા વિસ્તારના થયેલા વિકાસનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો.

શાસકપક્ષ નેતાશ્રી દયાશંકર સિંગએ તમામ ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. આ પ્રસંગે મા.સાંસદશ્રી સી.આર.પાટીલ, ધારાસભ્યશ્રીઓ રણજીતભાઈ ગિલીટવાલા, શ્રી કિશોરભાઈ વાંકાવાલા, શ્રી કિરીટભાઈ પટેલ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ. સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૧૭/૦૧/૨૦૧૧ ના રોજ વરાછા ઝોન યોજાયેલ વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/લોકાર્પણવિધિ



સુરત મહાનગરપાલિકા ધ્વારા સ્વર્ણિમ ગુજરાત વર્ષમાં ૬૨ માં પ્રજાસત્તાક દિનની સુરત ખાતે રાજયકક્ષાની ઉજવણીને અનુલક્ષીને તા.૧૭/૧/૨૦૧૧, સોમવારના રોજ વરાછા ઝોન ખાતે (૧) બેંક ઓફ બરોડાની સામે, પાયોનીયર શાળાની નજીક, મોટા વરાછાગામ ખાતે વાંચનાલયની ઉદઘાટનવિધિ(૨)ક્રિષ્ણા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, કાપોદ્રા ચાર રસ્તા પાસે શાંતિવનની ઉદઘાટનવિધિ(૩) જુન દર્પણ ટોકીઝની બાજુમાં, બ્રહમાકુમારી આશ્રમની નજીક, ધારૂકા સર્કલની પાસે, લંબે હનુમાન રોડ ખાતે વરાછાઝોન વહીવટી ભવનની ઉદઘાટનવિધિ (૪) મોહનભાઈની ચાલ, માતાવાડી, મીની હીરાબજારની બાજુમાં, વરાછા રોડ ખાતે સુમન હાઈસ્કુલની ઉદઘાટનવિધિ શ્રી વજુભાઈ વાળા, મા.મંત્રીશ્રી, નાણાં, શ્રમ અને રોજગાર, ગુજરાત રાજયના વરદહસ્તે કરવામાં આવેલ.



ઉધના ઝોન ખાતે (૧) સચીન–મગદલ્લા હાઈવે, સચીન જીઆઈડીસીની સામે સુએઝ પંપીંગ સ્ટેશની ખાતમુહૂર્તવિધિ (૨) ગેટકો સબ સ્ટેશનની બાજુમા, વડોદ ખાતેસુએઝ પંપીંગ સ્ટેશની ખાતમુહૂર્તવિધિ (૩) પાંડેસરા, સીઈટીપીની બાજુમાં ભુગર્ભ ટાંકીની ખાતમુહૂર્તવિધિ (૪) બમરોલી ગામ ખાતે સુએઝ પંપીંગ સ્ટેશની ખાતમુહૂર્તવિધિ (૪) પાંડેસરા, સીઈટીપી જતાં રસ્તા પર ઓવરહેડ ટાંકીની ખાતમુહૂર્તવિધિ (૫) સુમન શાળા નં.૬ ના કંપાઉન્ડમાં, વિજયાનગર સ્ટેડિયમની બાજુમાં, વિજયાનગર રોડ, ઉધના ખાતે વાંચનાલયની ઉદઘાટનવિધિ શ્રી જયસિંહભાઈ ચૌહાણ, રાજયકક્ષાના મા.મંત્રીશ્રી, શિક્ષણ(પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ), પ્રોટોકોલ, ગુજરાત રાજયના વરદહસ્તે કરવામાં આવેલ.

ઉધના ઝોન ખાતે (૧) સંજરનગર સોસાયટી પાસે, ઉધના ખાતે સુએઝ પંપીંગ સ્ટેશની ખાતમુહૂર્તવિધિ તથા (૨) વેજીટેબલ માર્કેટની ઉદઘાટનવિધિ (૩) આંગણવાડીની ઉદઘાટનવિધિ (૪)વોર્ડ ઓફિસની ઉદઘાટનવિધિ (૫) કોમ્યુનીટી હોલની ઉદઘાટનવિધિ (૬) ઘોડીયાઘરની ઉદઘાટનવિધિ(૭) પ્રાથમિક શાળાની ઉદઘાટનવિધિ ભેસ્તાન(એચ–૧૫), ઈડબલ્યુએસ આવાસ, ઈકલેરા રોડ, ભેસ્તાન ખાતે શ્રી પ્રફુલ્લભાઈ પટેલ, રાજયકક્ષાના મા.મંત્રીશ્રી, પોલીસ આવાસ, સરહદી સુરક્ષા, નાગરિક સુરક્ષા, હોમગાર્ડસ, ગ્રામ રક્ષક દળ, જેલ, નશાબંધી, આબકારી અને ગૃહ, ગુજરાત રાજયના વરદહસ્તે રાખવામાં આવેલ.

**Continue …**




મા.મંત્રીશ્રી વજુભાઈ વાળાએ તેમના પ્રવચનમાં જણાવ્યું કે એક સમયે સુરત હીરા અને પ્રિન્ટીંગ માટે પ્રખ્યાત શહેર છે એવું હું મનાતો હતો. પરંતુ મનપાનું કામ શહેરીજનોને સુવિધા આપવાનું છે. પરંતું મનપા એનાથી પણ વધીને માનવીય ગુણોના વિકાસ અને જતનનું કાર્ય પણ કરી રહી છે. જે પ્રસંશનીય અને અભિનંદનીય છે. સુરતીઓમાં હિમંત છે. હિંમત હોય એની દુનિયામાં કિંમત થાય છે. ગુજરાત રાજયના મા.મુખ્યમંત્રીશ્રીએ કન્યાકેળવણીને ઉત્તેજન આપવાનું પ્રથમ કાર્ય કર્યુ છે. શિક્ષણના ક્ષેત્રે કેરળ રાજયામાં ૮૦% થી વધુ લોકો શિક્ષિત છે. અહીં ઉપસ્થિત વડીલોને દીકરીને ભણાવવા પ્રોત્સાહ આપવા જણાવ્યું હતું. દિકરીઓને કન્યાદાન ન આપશો તો ચાલશે પણ વિદ્યાદાન જરૂરથી આપજો. બાળકોના સર્વાંગી વિકાસની જવાબદારી વડીલોની છે. શિક્ષણક્ષેત્રે ગામડાઓમાં ૨૮ % ડ્રોપ આઉટનો રેશિયો રહયો હતો જે આજે ૨% જેટલો થયો છે. તદઉપરાંત મા.મુખ્યમંત્રીશ્રીએ ''વાંચે ગુજરાત'' અભિયાન શરૂ કર્યુ છે. વાંચનની ટેવ હશે તો માણસ સદમાર્ગે જશે. જેવું વાંચો તેવું વિચારો અને સારૂ આચરણ કરો. સારા પુસ્તકો વાંચો. ગાંધીજી, સ્વામી વિવેકાનંદ, દયાનંદ સરસ્વતી વિગેરે જેવા મહાપુરૂષોના જીવન ચરિત્રનું વાંચન કરવાનો અનુરોધ કર્યો હતો. પુસ્તકો માનવીના સારા મિત્રો છે. તમામ ક્ષેત્રે સહભાગી બની વિકાસ કાર્યો કરવા અનુરોધ કર્યો હતો. વાઈબ્રન્ટ ગુજરાતમાં ગયા વર્ષે ૧૨ હજાર કરોડના એમઓયુ કર્યા છે. હાલમાં ૨૧ લાખ કરોડના વાઈબ્રન્ટ ગુજરાતમાં એમઓયુ કર્યા છે, ગરીબી હટાવવા માટે આ કાર્યક્રમ કર્યા છે. સુરતની ભુમિ પુણ્યશાળી છે. ગંદકીથી ખદબદતું સુરત શહેર આજે સ્વચ્છ શહેર બન્યું છે. એનો શ્રેય વહીવટી તથા ચુંટાયેલી પાંખ અને નગરજનોને જાય છે. મારું શહેર કલીન, ગ્રીન, શિક્ષિત, તંદુરસ્ત અને આર્થિક રીતે મજબુત બને એવા સંકલ્પથી માનવ માનવ થઈને સહયોગથી કાર્ય કરે તો કોઈ દુખી ન થાય.

સ્વાગત પ્રવચન કરતાં મા.કમિશનરશ્રીએ જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકા અને જીલ્લામાં કુલ ૪૫૦૦ પ્રકલ્પોની ખાતમુહૂર્ત/લોકાર્પણવિધિ કરવામાં આવી રહી છે જેની કિંમત રૂા.૧૦૦૦ કરોડથી પણ વધુ છે. મનપા ધ્વારા જાન્યુઆરીમાં ૪૩ પ્રકલ્પોના ખાતમુહૂર્ત/લોકાર્પણવિધિ કરવામાં આવનાર છે. જેની કુલ કિંમત રૂા.૪૩૫ કરોડ છે. માત્ર આજના ૧ દિવસમાં ૩૦ કરોડના પ્રકલ્પોના ખાતમુહૂર્ત/લોકાર્પણવિધિ કર્યા છે. સુરતમાં અવિરત વિકાસ થઈ રહયો છે. જે શહેરીજનોના સહકારથી સાકાર થયું છે. હાલમાં જનજાગૃતિનું અભિયાન શરૂ કરવામાં આવેલ છે. જેમાં દરેક નાગરિકોની ફરજ બાબતે જાણકારી આપવામાં આવેલ છે. પ્રજાજનોના સહયોગથી આ અવસર ખરેખર સાર્થક રીતે ઉજવણી કરી શકીશું.

મા.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલે તેમના પ્રવચનમાં જણાવ્યું કેવિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્ત/લોકાર્પણવિધિ પ્રસંગે વરાછા ઝોનમાં ૫.૫ કરોડના કામો થયા છે. ગરીબ બાળકો શિક્ષણથી વંચિત ન રહી જાય તે માટે સુમન સ્કુલનું લોકાર્પણ કરવામાં આવ્યું છે.૨૦૦૫ થી શરૂ કરી અત્યાર સુધીમાં ૭૨૨ કરોડના કેપીટલ કામો પુર્ણ કર્યા હતા.આશરે ૪૦૦ કરોડથી વધુ કિંમતના કામો મંજુર કર્યા છે. નવા વિસ્તારની સુવિધા આપવાનો અમારી પાસે પડકાર છે તેમ છતાં નવા વિસ્તારમાં પાણી પુરવઠો પુરી પાડવાની યોજનાઓ ટુંક સમયમાં અમલી બનશે. ગુજરાત રાજયમાં પ્રથમ વખત સુરતમાં ગુજરાત રાજયના મુખ્યમંત્રી પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં તમામ કાર્યક્રમનો લાભ લેવા નગરજનોને અપીલ કરી હતી.

અંતમાં મા.ડે.મેયરશ્રીમતી છાયાબેન ભુવાએ ઉપસ્થિત મહાનુભાવો તથા શહેરીજનોનો આભાર માન્યો હતો. આ પ્રસંગે વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ તેમજ જાહેરજનતાએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૧૮/૦૧/૨૦૧૧ના રોજ અઠવા ઝોન યોજાયેલ વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/લોકાર્પણવિધિ




નાગરિકોની સુવિધા પ્રત્યે સજાગતા રાખી અવિરત વિકાસની પરંપરા જાળવી રાખવાના સોપાનના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા, સ્વર્ણિમ ગુજરાત વર્ષમાં, ૬૨ માં પ્રજાસત્તાક દિનની સુરત ખાતે રાજયકક્ષાની ઉજવણીને અનુલક્ષીને તા.૧૮/૧/૨૦૧૧, મંગળવારના રોજ અઠવા ઝોન વિસ્તારમાં (૧) ચોપાટી ગાર્ડન, અઠવાલાઈન્સ ખાતે વોક–વેની ખાતમુહૂર્તવિધિ (૨) વિનાયક જરીવાળા તરણકુંડ પાસે, ચોપાટી, અઠવાલાઈન્સ ખાતે ફુટ ઓવરબ્રિજની લોકાર્પણવિધિ (૩) આયકરભવન પાસે, મજુરાગેટ ખાતે સ્પોટર્સ સંકુલની લોકાર્પણવિધિ (૪) નર્મદ મધ્યસ્થ લાયબ્રેરી, ઉમરા પોલીસ સ્ટેશન પાસે, ઉમરા પોલીસ સટેશન પાસે, અઠવાલાઈન્સ ખાતે નર્મદ મધ્યસ્થ લાયબ્રેરી ખાતે લાયબ્રેરીનું વિસ્તૃતિકરણની લોકાર્પણવિધિ શ્રીમતિ આનંદીબેન પટેલ, મા.મંત્રીશ્રી, મહેસુલ, આપત્તિ વ્યવસ્થાપન, માર્ગ અને મકાન, પાટનગર યોજના, મહિલા અને બાળ કલ્યાણ, ગુજરાત રાજયના વરદહસ્તે તથા મા.મેયરશ્રી શ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ(રાજુ દેસાઈ)ના પ્રમુખ સ્થાને રાખવામાં આવેલ હતી.

મુખ્ય સમારંભની શરૂઆત સ્વાગતગીતથી કરવામાં આવી હતી.



મા.મંત્રીશ્રી આનંદીબેન પટેલે પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે અત્યાર સુધી સ્વાતંત્ર્યદિન, પ્રજાસત્તાક દિનની ઉજવણી જેવા તહેવારોની ઉજવણી પાટનગર સુધી જ મર્યાદિત હતી પરંતુ આવી ઉજવણીમાં રાજયની પ્રજા પણ સહભાગી બને તે હેતુસર મા.મુખ્યમંત્રીશ્રીએ આવી ઉજવણી રાજયના વિવિધ વિસ્તારોમાં કરવાનું નકકી કર્યુ છે. જે આવકારદાયક છે. રાજયનો સમતોલ વિકાસ થાય તે માટે ફકત મોટા શહેરો જ નહી પણ નાના શહેરો, ગામડાઓનો પણ વ્યવસ્થિત વિકાસ થાય તે માટે મુખ્યમંત્રી પ્રયત્નશીલ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે માત્ર વિકાસ થાય તે પુરતું નથી પણ તે વિકાસને જાળવી રાખવા માટે જનજાગૃતિ પણ તેટલી જ જરૂરી છે. હાલમાં જ ગુજરાત સરકાર ધ્વારા વિવિધ ક્ષેત્રે એમઓયુ થયા. કેટલાક મધ્યમકક્ષાના ઉદ્યોગો/લઘુ ઉદ્યોગો માટે એમઓયુ થયા. વિવિધ કોર્પોરેટ ક્ષેત્રોને જરૂરી એવી યંત્ર સામગ્રી, સ્પેરપાર્ટસ, અન્ય જરૂરીયાતની વસ્તુઓ તેમના ધ્વારા તૈયાર કરવામાં આવશે. જેનાથી ગુજરાતમાં રોજગારીની તકો ઉભી થશે. "મિશન મંગલમ" હેઠળ સખીમંડળોની સ્થાપના કરવામાં આવી છે. આ સખીમંડળોને જરૂરી તાલીમ આપવામાં આવશે અને તેઓ નાની મોટી ચીજવસ્તુનું ઉત્પાદન કરી આર્થિક રીતે પગભર થશે. ૩૦ જેટલી વિદેશની યુનીવર્સીટીઓ જોડે એમઓયુ કરવામાં આવ્યા છે. જે અંતર્ગત જ્ઞાનનું આદાન પ્રદાન થઈ શકશે. જેનાથી એક સ્પર્ધાત્મક વાતાવરણ ઉભુ થશે અને પરિણામે શિક્ષણનું સ્તર સુધરશે. સૌની પાયાની જરૂરીયાત પાણી વિશે જણાવ્યું હતું કે આપણે ત્યાં પાણીનો બગાડ મોટા પ્રમાણમાં થાય છે જેનાથી આવનારી પેઢી માટે પાણીની સમસ્યા ઉભી થશે. જેના ઉકેલ માટે અત્યારથી જ પ્રયત્નો કરવા જરૂરી બને છે. પર્યાવરણ જાળવણી પણ એટલી જ જરૂરી બની છે અને તે માટે જરૂરી એવા વૃક્ષો વાવવા માટે સૌને અપીલ કરી હતી. ગુજરાતને ૧૬૦૦ કીમીનો દરિયા કિનારો મળેલ છે. જેના ઉપર આવેલ બંદરોના વિકાસ માટે પણ એમઓયુ કરવામાં આવ્યા છે. પાણી શુધ્ધિકરણ તેમણે જણાવ્યું હતું કે પાણીના મર્યાદિત સ્ત્રોતને ધ્યાનમાં ગંદાપાણીનું શુધ્ધિકરણ કરવું મહાનગરપાલિકાઓ/ નગરપાલિકાઓ માટે જરૂરી બન્યુ છે જેનાથી શુધ્ધ પાણી ઉપરાતં ખાતર ઉપલબ્ધ થશે જેનાથી વધારાની આવક પ્રાપ્ત થશે.

**Continue …**

મ્યુ.સભ્યોને તેમની કામગીરી પોતાના વોર્ડ ઓફિસ પુરતી મર્યાદિત ન રાખતા આખા શહેરની જનતા માટે કામ કરવાની અપીલ કરી હતી. આવતીકાલના ગુજરાતનું નિર્માણ કરવા માટેની જવાબદારી ફકત વહીવટીતંત્રની નથી, સમાજના નાગરીક તરીકે આપણા સૌની પણ જવાબદારી છે એમ જણાવી તેમાં જોડાઈ જવા માટે સૌને હાકલ કરી હતી.



મા.મેયરશ્રીએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે શાસકો અને વહીવટીતંત્રના સુંદર સંકલન અને શહેરી જનતાના સહયોગથી એક સમયે ગંદા શહેર તરીકે જણાતા સુરતને દેશના સૌથી સ્વચ્છ શહેરોમાં સ્થાન મળ્યુ છે. સુરતના વિકાસ માટે અમે સતત પ્રયત્શીલ છીએ. સુરતના વિકાસ માટેના સુચનોને અમે સહર્ષ આવકારીશું એમ જણાવી આ કાર્ય માટે શહેરના નાગરિકો, મીડિયા જગત વગેરેનો સહકાર માંગ્યો હતો.

મા.અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ મુકેશભાઈ દલાલે જેની પ્રેરણા અને માર્ગદર્શનથી શિક્ષણ જગતને એક નવી દિશા મળી છે એવા મા.મંત્રીશ્રીનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે નર્મદ મધ્યસ્થ લાયબ્રેરી ૨, ૫૦, ૦૦૦ જેટલા પુસ્તકો ધરાવે છે. જેનો લાભ લેવા શહેરીજનોને અપીલ કરી હતી. સુરત મહાનગરપાલિકા હાલ વિવિધ પ્રજાલક્ષી વિકાસ કામો કરી રહી છે. અને ભવિષ્યમાં પણ આ વિકાસકૂચ જારી રાખીશું એમ જણાવ્યું હતું.

૬૨ માં પ્રજાસત્તાક દિનની રાજયકક્ષાની ઉજવણી સુરત ખાતે થનાર છે. તેના સંદર્ભમાં સૌ મહાનુભાવોનું સ્વાગત કરતાં મા.કમિશનરશ્રીએ જણાવ્યું હતું કે તા. ૬ થી જાન્યુઆરીથી તા.૨૬ મી જાન્યુઆરી ૨૦૧૧ સુધીમાં ૭૩ જેટલા પ્રકલ્પોના ખાતમુહૂર્ત/લોકાર્પણવિધિના કાર્યક્રમો યોજવામાં આવેલ છે. જેનો કુલ ખર્ચ રૂા.૪૩૫ કરોડ જેટલો થશે. આજરોજ અઠવા ઝોનમાં મા.મંત્રીશ્રીના વરદહસ્તે ૭.૭૦ કરોડના ખાતમુહૂર્ત/લોકાર્પણવિધિના કાર્યક્રમો થયા છે.

આ પ્રસંગે મા. ડે. મેયર શ્રીમતિ છાયાબેન ભુવાએ ઉપસ્થિત મહાનુભવો તથા શહેરી જનોનો આભાર માન્યો હતો. આ પ્રસંગે સાંસદ શ્રીમતિ દર્શનાબેન જરદોશ, ધારાસભ્ય શ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શ્રી કિશોરભાઈ વાંકાવાલા, શાસકપક્ષના નેતાશ્રી દયાશંકર સિંગ તેમજ અન્ય મહાનુભાવો, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ તેમજ જાહેર જનતાએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૧૮/૦૧/૨૦૧૧ ને મંગળવારના રોજ ઉધના ઝોન વિસ્તારમાં યોજાયેલ વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમ



''સ્વર્ણિમ ગુજરાત વર્ષ''માં ૬૨માં પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી ૨૦૧૧ની રાજય કક્ષાની ઉજવણી સુરત ખાતે થનાર છે. આ રાષ્ટ્રીય પર્વની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૧૮/૦૧/૨૦૧૧ને મંગળવારના રોજ ઉધના ઝોન વિસ્તારમાં વિજયાનગર સોસાયટી પાસે, સ્પોર્ટસ કોમ્પ્લેક્ષનું ખુલ્લુ મેદાન, ઉધના, સુરત ખાતે વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સદર સાંસ્કૃતિક કાર્યક્રમમાં મંચસ્થ મહાનુભાવો મા. મેયરશ્રી રાજેન્દ્રભાઈ એ. દેસાઈ, ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાલા, શ્રી રણજીતભાઈ ગીલીટવાલા, ડે.મેયરશ્રીમતી છાયાબેન ભુવા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, શાસકપક્ષના નેતાશ્રી દયાશંકર સિંગ, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતિ ગીતાબેન પટેલ ઉપસ્થિત રહયા હતા. જેઓનું આ વિસ્તારના મ્યુનિસિપલ સદસ્ય અને ડ્રેનેજ સમિતિના અધ્યક્ષાશ્રીમતિ રોહિણી છોટુભાઈ પાટીલ અને મ્યુનિસિપલ સભ્યશ્રી સોમનાથભાઈ રઘુનાથભાઈ મરાઠે, શ્રી દિનેશ જયંતિલાલ પટેલ ધ્વારા પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શહેરના પ્રથમ નાગરિક મા. મેયરશ્રી રાજેન્દ્ર એ. દેસાઈએ પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે આ ઉજવણી અંતર્ગત રૂપિયા અગિયારસો કરોડના વિવિધ પ્રકલ્પો પ્રજાને અર્પણ થનાર છે. આખા શહેર અને જીલ્લામાં ઉત્સવનું વાતાવરણ ઉભું થયેલ છે. તા.૨૩/૦૧/૨૦૧૧ના રોજ સુરત ડુમસ ગૌરવ પથ ખાતે ''સ્વર્ણિમ સુરત સીટી રન''માં અને તા. ૨૬/૦૧/૨૦૧૧ના રોજ ચીકુવાડી વરાછા રોડ ખાતે યોજાનાર મુખ્ય સમારોહમાં સૌને હાજર રહી ઉજવણીમાં સહભાગી થવા અપીલ કરી હતી.





આ રાષ્ટ્રીય પર્વની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૧૮/૦૧/૨૦૧૧ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ઉધના ઝોન કચેરીની સામે આવેલ ન. પ્રા. શાળા નંબર ૨૦૬, ૨૦૭માં વેશભુષા સ્પર્ધા (પ્રાથમિક વિભાગ) અને વકતૃત્વ સ્પર્ધા (માધ્યમિક વિભાગ)ના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની યોજવામાં આવી હતી. વેશભુષા સ્પર્ધામાં પ્રથમ ક્રમે કેવડીયા વિવેક રાજેશભાઈ દ્વિતીય ક્રમે ઘેલાણી ક્રિશ એન. અને તૃતીયક્રમે શર્મા કનિષ્કા સંજયભાઈ અને વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમે મિયાણી પીનલબેન ભરતભાઈ, દ્વિતીય ક્રમે ઉમરીગર ઉર્વશી કિશોરભાઈ અને તૃતીય ક્રમે તાણાવાલા ચાર્મી દિનેશભાઈ વિજેતા થયા હતા. જેમને વિજયાનગર સોસાયટી પાસે, સ્પોર્ટસ કોમ્પ્લેક્ષનું ખુલ્લુ મેદાન, ઉધના, સુરત ખાતે યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે રોકડ પુરસ્કાર, ટ્રોફી અને પ્રમાણપત્રોથી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ શહેરની વિવિધ શાળા/સંસ્થાઓ ધ્વારા તૈયાર કરવામાં આવેલ દેશભકિત/સ્વર્ણિમ ગુજરાત ઉપર આધારિત સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરવામાં આવી હતી, જેને ઉપસ્થિત તમામ નગરજનોએ ઉત્સાહથી માણી હતી.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૦/૦૧/૨૦૧૧ ના રોજ વરાછા ઝોન યોજાયેલ વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/લોકાર્પણવિધિ



નાગરિકોની સુવિધા પ્રત્યે સજાગતા રાખી અવિરત વિકાસની પરંપરા જાળવી રાખવાના સોપાનના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા, સ્વર્ણિમ ગુજરાત વર્ષમાં, ૬૨ માં પ્રજાસત્તાક દિનની સુરત ખાતે રાજયકક્ષાની ઉજવણીને અનુલક્ષીને તા.૨૦/૧/૨૦૧૧, ગુરૂવારના રોજ વરાછા ઝોન વિસ્તારમાં (૧) મહારાણા પ્રતાપ ગાર્ડન સામે, સ્વાતિ સોસાયટીની બાજુમાં, વરાછા ખાતે વાંચનાલયની લોકાર્પણવિધિ (૨) કમલબાગ સોસાયટીની પાછળ, સાગર સોસાયટીની સામે, મરઘા કેન્દ્ર રોડ, વરાછા ખાતે વાંચનાલયની લોકાર્પણવિધિ (૩) ટી.પી.સ્કીમ નં.૩(કરંજ), ભરતનગર પાસે, લંબે હનુમાન રોડ, કરંજ ખાતે શાંતિકુજની લોકાર્પણવિધિ (૪) ટી.પી.સ્કીમ નં.૧૭, ફા.પ્લોટ નં.૨૦૩, કેનાલ રોડ, પુણાગામ પાસે, પુણા ખાતે સુએઝ પમ્પીંગ સ્ટેશનની ખાતમુહૂર્તવિધિ (૫) આઈ માતા ચોક, સુરત–બારડોલી રોડ, વરાછા ખાતે "નેતાજી સુભાષચંદ્ર બોઝ ફલાય ઓવર બ્રિજ"ની લોકાર્પણવિધિ શ્રી નિતીનભાઈ પટેલ, મા.મંત્રીશ્રી, પાણી પુરવઠા, જળ સંપત્તિ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ, ગુજરાત રાજયના વરદહસ્તે તથા મા.મેયરશ્રી શ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ(રાજુ દેસાઈ)ના પ્રમુખ સ્થાને રાખવામાં આવેલ હતી.

મુખ્ય સમારંભની શરૂઆત સ્વાગતગીતથી કરવામાં આવી હતી.



મા.મંત્રીશ્રી નિતીનભાઈએ તેમના વકતવ્યમાં જણાવ્યું હતું કે અત્યાર સુધી ૨૬ મી જાન્યુઆરી, ૧૫ મી ઓગષ્ટ તથા ૧ લી મે જેવા રાષ્ટ્રીય કાર્યક્રમો ઔપચારિક રીતે પુરા થતા હતા. જેને સુધારવાની પ્રક્રિયાના ભાગરૂપે મા.મુખ્યમંત્રીશ્રીએ રાષ્ટ્રીય ઉજવણી રાજયના વિવિધ વિસ્તારોમાં ઉજવવાનું નકકી કર્યુ છે જેથી રાજયના નાગરિકો તેમાં ઉત્સાહભેર ભાગ લઈ શકે. આ કાર્યક્રમ ફકત ઉજવણીનો કાર્યક્રમ નથી પરંતુ લોકોની અપેક્ષા જાણવા માટે પ્રજાની વચ્ચે જવાનો કાર્યક્રમ છે. વિવિધ લોકોપયોગી સુવિધા આપવા માટે મનપાને અભિનંદન આપ્યા. નવનિર્મિત ફલાયઓવર બ્રિજને "નેતાજી સુભાષચંદ્ર બોઝ ફલાય ઓવર બ્રિજ" નું નામ આપી સુરત મહાનગરપાલિકાએ નેતાજી સુભાષચંદ્ર બોઝના આઝાદીની ચળવળમાં આપેલા યોગદાનને સાચે જ અંજલી અર્પી તે બદલ મહાનગરપાલિકાને ધન્યવાદ આપ્યા હતા.

**Continue …**

મા.મેયરશ્રીએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે સ્વપ્ન સાકાર થઈ શકે છે, જો હૈયામાં હામ હોય. તે ઉકિતને મહાનગરપાલિકાના શાસકોએ વહીવટી તંત્ર અને શહેરના નાગરિકોના સહકારથી સાર્થક કરી છે. વરાછા ઝોનમાં અત્યારસુધી ૭ વાંચનાલયો કાર્યરત હતા. જેમાં આજે ૨ વાંચનાલયોની લોકાર્પણવિધિ કરી જેનાથી આ વિસ્તારની સાહિત્યપ્રેમી જનતાની વાંચનભૂખ સંતોષાશે. તે ઉપરાંત સુરત–બારડોલી રોડ પર ''નેતાજી સુભાષચંદ્ર બોઝ ફલાય ઓવર બ્રિજ'' થી આ વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા હળવી બનશે.સુરત મહાનગરપાલિકાના વિકાસકાર્યોમાં લોકોને સહભાગી બનવા માટે અપીલ કરી હતી.

મા.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલે તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે દીર્ઘદષ્ટા એવા મા.મંત્રીશ્રી નિતીનભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતના શહેરોને વિકાસની નવી એક દિશા મળી છે. ૨૧ મી સદીના પ્રથમ દાયકામાં જે વિકાસ થયો તેને સદીના બીજા દાયકામાં જાળવી રાખવાની આપણી સૌની જવાબદારી છે.વિકાસ કદી અટકતો નથી.અમારું લક્ષ્ય સુરતને દુનિયાના વિકસિત શહેરોની હરોળમાં મુકવાનું છે જે માટે અમે સતત પ્રયત્નશીલ છે અને સુરતના વિકાસમાં આપ સૌના સહકારની અપેક્ષા છે.



મા.કમિશ્નરશ્રીએ મા.મંત્રીશ્રી નિતીનભાઈ પટેલ તથા અન્ય મહાનુભાવોનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે સુરત–બારડોલી રોડ પર નિર્મિત ફલાય ઓવર બ્રિજ ૪૬૯ કરોડના બીઆરટીએસ પ્રોજેકટનું પ્રથમ સોપાન છે. આજ રોજ એક દિવસમાં મા.મંત્રીશ્રી ધ્વારા અંદાજે ૪૫ કરોડના પ્રકલ્પોની ખાતમુહૂર્ત/લોકાર્પણવિધિ થઈ જે પૈકી ૪૩ કરોડના લોકાર્પણ અને ૨ કરોડના ખાતમુહૂર્તવિધિ થયા. તે ઉપરાંત સુરત મહાનગરપાલિકા ધ્વારા હાથ ધરાનાર વિવિધ વિકાસલક્ષી કામો વિશે માહિતી આપી હતી.

આ પ્રસંગે મા. ડે. મેયર શ્રીમતિ છાયાબેન ભુવાએ ઉપસ્થિત મહાનુભવો તથા શહેરી જનોનો આભાર માન્યો હતો. આ પ્રસંગે સાંસદ શ્રીમતિ દર્શનાબેન જરદોશ, શ્રી પ્રવિણભાઈ નાયક, સાંસદશ્રી, રાજય સભા, ધારાસભ્ય શ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શાસકપક્ષના નેતાશ્રી દયાશંકર સિંગ તેમજ અન્ય મહાનુભાવો, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ તેમજ જાહેર જનતાએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP